ગાંધીનગર તાપમાન

મહત્તમ : ૨૮.૫ ડીગ્રી
લઘુતમ : ૧૬.૦ ડીગ્રી
ભેજ
સવારે ૭૪ ટકા ● સાંજે ૬૨ ટકા



મુંગા પ્રાણીઓ આપણી માફક બોલીને પોતાની લાગણી દર્શાવી નથી શકતા એટલું જ છે. બાકી બધા મુંગા જીવો મનુષ્ય જેટલી જ લાગણીથી ભરપુર હોય છે. માતા જેમ પોતાના બાળકને વ્હાલ કરે છે તેમ આ અબોલ ગાય અને શ્વાન વચ્ચે ભરપુર વ્હાલ અને મસ્તીભર્યા મુડમાં જોવા મળી રહ્યા છે. જાણે શ્વાન ગૌમાતાને કાનમાં કહીને ચેતવી રહ્યો છે કે 'માતા અહીં તહીં ચરવામાં જરા ધ્યાન આપજો, આ માનવીઓએ પ્લાસ્ટિકના ઢગ ખડયાં છે જે તમારા પેટમાં ના જતા રહે.'

# ગાંધીનગરમાં ભારતની સર્વશ્રેષ્ઠ મોડેલ સ્કૂલ બનશે : ડેપ્યુટી મેયર પ્રેમલસિંહ

## ઉદગમ ચેરીટેબલ ટ્રસ્ટ અને સાયબેજ સીએસઆર અંતર્ગત સે. ૨૪ની પ્રા.શાળામાં નવનિર્મિત શૌચાલય સંકુલનું લોકાર્પણ કરતાં ડેપ્યુટી મેયર : કાર્યક્રમમાં બાળકોને શૈક્ષણિક સામગ્રી વિતરણ કરાયું

ગાંધીનગર, તા.૪

ઉદગમ ચેરીટેબલ ટ્રસ્ટ અને સાયબેજ સીએસઆર અંતર્ગત આજે સેક્ટર-૨૪માં સરકારી પ્રાથમિક શાળા નંબર ૨૪/૧ ખાતે નવનિર્મિત શૌચાલય સંકુલ અને બાળકોને શૈક્ષણિક સામગ્રી વિતરણ કરતા મુખ્ય મહેમાન ગાંધીનગર મહાનગરપાલિકાના ડેપ્યુટી મેયર પ્રેમલસિંહ ગોલે કહ્યું હતું કે 'શિક્ષણ એ જીવન ઘડતરમાં ખુબ જ અગત્યનો ફાળો ભજવે છે. આ બાબતને અનુલક્ષીને મહાનગપાલિકા દ્વારા શિક્ષણને મહત્વ આપીને ભારતની સર્વશ્રેષ્ઠ મોડેલ સ્કૂલ બનાવવાની કામગીરી કરવાનું આયોજન હાથ ધરાયું છે. ઉદગમ ચેરીટેબલ ટ્રસ્ટ અને સાયબેજનું આજનું કાર્ય બાળકોના વિકાસ માટે ખુબ જ મહત્વનું યોગદાન છે'. તેઓએ બાહેંધરી આપી હતી કે આથી ઉદગમને આ સંદર્ભે કોઈપણ જરૂરી મદદ કરવામાં આવશે.

કાર્યક્રમની પ્રારંભે ઉદગમ મેનેજીંગ ટ્રસ્ટી ડો. મયુર જોષીએ સંસ્થાના કાર્યોની માહિતી આપતા જણાવ્યું હતું કે વંચિત બાળકોના જીવન ઘડતર માટે ઘણા વર્ષોથી ઉદગમ ચેરીટેબલ ટ્રસ્ટ અને સાયબેજ સીએસઆર અંતર્ગત શાળાના બાળકોને ઘણા વર્ષોથી શૈક્ષણિક જરૂરતને ધ્યાનમાં રાખીને સમગ્ર વર્ષ દરમિયાન ચાલે તેટલા જથ્થામાં જરૂરી



વસ્તુઓ આપવામાં આવે છે. સાથીસાથ ગાંધીનગરના મેયર હિતેષ મકવાણાના શુભેચ્છા સંદેશનું પણ વાંચન કર્યું હતું.

કાર્યક્રમમાં સાયબેજ સીએસઆરના મેનેજર પ્રશાંત મહામુનીએ સાયબેજ સીએસઆર દ્વારા વંચિત બાળકોને શૈક્ષણિક સહાય માટે કરવામાં આવતા કાર્યોની માહિતી આપી હતી. ઉદગમ અને સાયબેજ કંપની દ્વારા તેઓના સીએસઆર દ્વારા સરકારી પ્રાથમિક શાળા સેક્ટર - ૨૪/૧ માં શાળાને ગાંધીનગરમાં ખુબ જ સુંદર ચાઈલ્ડ ફ્રેન્ડલી બનાવવાની સાથે નવા વોટર સ્ટેશન અને ૪ નવનિર્મિત શૌચાલયનું ગાંધીનગરના ડેપ્યુટી મેયર પ્રેમલસિંહ ગોલના હસ્તે લોકાર્પણ કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં અતિથિવિશેષ પદે ગુજરાત અને રાજસ્થાનના બ્રિટિશ ડેપ્યુટી હાઈ કમિશનર પીટર કુક સાથે તેમના પત્ની મૌરીન કુક, વોર્ડ નં.૩ના કોર્પોરેટરો ભરતભાઈ ગોહિલ, સોનાલીબેન પટેલ, દિપીકાબેન સોલંકી, સાયબેજ કંપનીના ગીતાબેન લાલવાણી, હિમાંશુ મકવાણા અને ટીમ, ઉદગમના મનોજ જોષી, ચાણક્ય જોષી, વૈજંતી ગુપ્તે, જયપ્રકાશ ભટ્ટ, સંજય હસ્તે ઉપસ્થિત રહ્યાં હતા. કાર્યક્રમમાં શૈક્ષણિક સામગ્રીનું વિતરણ કરવામાં આવ્યું હતું. શૈક્ષણિક સામગ્રીમાં નવા દફતર, નોટબુકો, પેન, વગેરે મળતા બાળકોના ચેહરા ખુબજ આનંદથી છલકાઈ ઉઠ્યા હતા. ગાંધીનગરના ડીપીઓ કિરણબેન પટેલ દ્વારા આભારવિધિ કરવામાં આવી હતી. કાર્યક્રમને સફળ બનાવવા માટે શાળાના આચાર્ય વિપુલભાઈ બ્રહ્મભટ્ટ અને શિક્ષકોએ જેહમત ઉઠાવી હતી.

# જન્મદિને વધામણી



મેહુલ બી શાહ
મો. ૯૮૨૫૫ ૩૧૬૬૯



અર્ચનાબા
વિવેકસિંહ ચૌહાણ



દિલીપકુમાર શાહ
મો. ૯૯૦૯૦ ૮૭૯૫૬

# આજે મોહમંદ રફીની ૯૭મી જન્મ-જયંતિ નિમીતે કરાઓકે-ટ્રેકશોનું આયોજન

ગાંધીનગર, તા.૪

મહાન પાર્શ્વગાયક સ્વશ્રી. મો. રફી સાહેબની ૯૭મી જન્મ-જયંતિ નિમીતે સ્વરાંજલી આપવા માટે શ્રી મનોરંજન મ્યુઝિકલ સ્ટુડિયો આયોજીત ''મેરી આવાઝ સુનો'' ? કરાઓકે ક્લબ દ્વારા ગાંધીનગર-અમદાવાદ શહેરનાં તેમજ આજુ-બાજુનાં વિસ્તારનાં અનુભવી-બિન-અનુભવી કલાકારોને કરાઓકે-ટ્રેકશો દ્વારા પોતાના આવાઝમાં ગીતોની રજુઆત કરવા માટે એક સારૂ સ્ટેજ-પ્લેટફોર્મ પુરૂ પાડવાનાં હેતુથી કરાઓકે સંગીત સ્પર્ધા-૨૦૨૧ કાર્યક્રમનું આયોજન કરેલ છે, આ સ્પર્ધામાં વિજેતા સભ્યોને પ્રોત્સહન રૂપે ટ્રોફી આપવામાં આવશે.

આ સ્પર્ધા માટેનું ઓડીશન તા. ૫મી ડિસેમ્બર રવિવારના રોજ બપોરે ૧૨.૩૯ કલાકે શ્રી મનોરંજન મ્યુઝિકલ સ્ટુડિયો, ૧૨૪-સનરાઈઝ આર્કેડ, મારુતિ-નેક્શા શો-રૂમ ની બાજુમાં, કુડાસણ, ગાંધીનગર ખાતે રાખવામાં આવેલ છે. આ સ્પર્ધામાં ભાગ લેવાં માટેનાં પ્રવેશ-ફોર્મ સ્ટુડિયો ખાતે રૂબરૂ આવીને ભરી શકાશે. વધુ માહિતી માટે મોબાઈલ નં. ૮૮-૪૯૪-૫૪૪૦૫ તેમજ ૯૪-૨૭૩-૧૮૦૭૩ ઉપર સંપર્ક કરવા જણાવાયું છે.

# બીજેપી દ્વારા મુસ્તફા ખેડૂવોરાની લઘુમતી મોરચા કારોબારીમાં સભ્ય તરીકે નિમણૂંક

ગાંધીનગર, તા.૪

રાજયના મુસ્લિમ ઘાંચી સમાજના અગ્રણી મુસ્તફા ખેડૂવોરાનીભારતીય જનતા પાર્ટી દ્વારા લઘુમતી મોરચા કારોબારીમાં આમંત્રિત સભ્ય તરીકે નિમણૂંક કરાઈ છે. મુસ્લિમ એજયુકેશન વેલ્ફેર એસોસીએશનના સ્થાપક સભ્ય, ઈકરા સુન્ની મુસ્લિમ ટ્રસ્ટ ઉપરાંત ગુજરાત સમસ્ત મુસ્લિમ ઘાંચી સમાજના જનરલ સેક્રેટરી તરીકે દીર્ઘકાલીન સેવાઓ તેમણે આપી છે. કોમી એકતાના હામી એવા આ અગ્રણીએ રાજયપાલના કાર્યાલયમાં ખૂબ લાંબી સેવા આપી છે અને રાજયના મુખ્યમંત્રી પાસે પણ ફરજો બજાવી છે તથા હાલ તેઓ ગુજરાતની સૌથી મોટી મુસ્લિમ લઘુમતિ સંસ્થા એફ.ડી. એજયુકેશન સોસાયટી અમદાવાદમાં આસી. જનરલ સેક્રેટરી તરીકે સેવાઓ આપી રહ્યા છે.



# પેથાપુર જૈન દેરાસરમાં માતાજીનો મંગલ પ્રવેશ

ગાંધીનગર, તા.૪



પેથાપુરમાં જૈન આર્યિકા ૧૦૫ સમર્થમતી તથા આર્યિકા સાર્થકમતી માતાજીનો મંગળ પ્રવેશ કાર્યક્રમ યોજાયો હતો. સ્વપ્રવિલા-૩,પેથાપુરમાં માતાજી ના સાનિધ્યમાં રોજ સવારે ૬ થી ૭ વાગ્યે જિનસહસ્ત્ર નામ અનુષ્ઠાન (જાપ),બપોરે ૩ વાગ્યે પ્રવચન, સાંજે આરતી, આનંદ યાત્રા, ધર્મજ્ઞાન ભક્તિ કરવામાં આવે છે. શ્રેયાંશભાઈ કોઠારીએ માતાજીના દર્શનનો ધર્મલાભ લેવા સમાજના ભાઈઓ-બહેનોને જણાવેલ છે. જેમાં સાંજે ૪૪ દીપક પ્રગટાવી કલ્યાણ મંદિર સ્તોત્ર કરવામાં આવે છે જેમાં જૈન ભાઈઓ-બહેનોએ ઉત્સાહ પૂર્વક ભાગ લઈ ધર્મ લાભ લીધો હતો. માતાજી સાથે ભક્તોએ પેથાપુર ગામમાં વાંટામાં આવેલ ૭૦૦ વર્ષ જૂના શ્રી નેમિનાથ દિગંબર જૈન દેરાસરના દર્શન નો લાભ લીધો હતો.

# એસ.કે. પટેલ સ્કૂલમાં ટેડી ડે ઉજવાયો



ગાંધીનગર, તા.૪

એસ.કે. પટેલ ઈંગ્લીશ મીડિયમ સ્કૂલમાં ટેડી ડે ઉજવાયો હતો. જેમાં સ્કૂલના શિક્ષિકાઓએ અલગ અલગ જેવા કે ટોમ અને જેરી, મોટું-પતલું અને છોટા ભીમ જેવા કાર્ટૂન પહેરીને છોકરાઓને મનોરંજન કરાવ્યું હતું.

# વાવોલ ખાતે પાંચ દિવસની નિ:શુલ્ક યોગ શિબિરનું આયોજન

ગાંધીનગર, તા. ૪

ગાંધીનગરના ગ્રામ્ય વિસ્તાર વાવોલ ખાતે એમ.બી. પટેલ સાર્વજનીક વિદ્યાલયમાં શહેરના માનસ યોગ સેવા ટ્રસ્ટ અને પતંજલી યોગ સમિતિના સંયુક્ત ઉપક્રમે આગામી તારીખ ૭ થી ૧૧ ડિસેમ્બર સુધી દરરોજ સવારે ૫:૩૦ થી ૭ કલાક દરમ્યાન નિ:શુલ્ક યોગ શિબિરનું આયોજન યોગાચાર્ય કાનજીભાઈ બાવરીના સંચાલન હેઠળ કરવામાં આવ્યું છે. સંસ્થા દ્વારા જન કલ્યાણ અને નવજાગૃતિના હેતુસર ઘર-ઘર સુધી યોગ, આયુર્વેદ, એક્યુપ્રેશર, પ્રાકૃતિક ખેતી અને ઘરેલુ ઉપચાર પહોંચી શકે તે માટે આ અદભૂત સ્વદેશી અભિયાન શરૂ કરવામાં આવ્યું છે, તેમજ મહિલાઓ માટે સેલ્ફ ડિફેન્સ એટલે કે આત્મરક્ષણની તાલીમ આપવાનું આયોજન કરવામાં આવ્યું છે. શિબિર દરમિયાન દરરોજ સ્વાદિષ્ટ સ્વાસ્થ્યવર્ધક પીણાંનુ વિતરણ પણ કરવામાં આવશે. આ શિબિરનો મહત્તમ લાભ લેવા વાવોલ ગામ સહિત ગાંધીનગરના સમગ્ર પ્રજાજનો જાહેર નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે. શિબિર બાદ એક મહિના સુધી યોગ શિક્ષક બનવા અંગેની તાલીમ બાદ પતંજલિ યોગપીઠ હરિદ્વાર દ્વારા પ્રમાણપત્ર પણ આપવામાં આવશે.

# લાયન્સ કલબ ઓફ ગાંધીનગર ફેમીના દ્વારા સોનીપુર ગામમાં સ્મશાનગૃહ લોકાર્પણ



ગાંધીનગર, તા.૪

લાયન્સ કલબ ઓફ ગાંધીનગર ફેમીના દ્વારા સોનીપુર ગામમાં સ્મશાનનું લોકાર્પણ કરાયું હતું. જે નારી સશકિતકરણને ઉજાગર કરતું એક નવું સ્વરૂપ જેવા મળેલ છે. બહેનો આજે કાંધ આપતી થઈ છે જેમાં સોનીપુર ગામમાં સ્મશાનગૃહ બનાવી તેમજ તેનું લોકાર્પણ કરી સમાજને એક ઉત્તમ ઉદાહરણ પુરું પાડયું છે. લાયન્સ કલબ ઓફ ગાંધીનગર ફેમિના તેના સ્થાપના વર્ષથી જ સતત સમાજોપયોગી કાર્યો કરતું આવ્યું છે. ફેમિના કલબના પ્રેસિડન્ટ વૈશાલીબેન જોષી તથા કલબના સભ્યો દ્વારા કાયમી પ્રોજેકટ અંતર્ગત સ્મશાનગૃહનું નિર્માણ કરવામાં આવ્યું છે. જેનું લોકાર્પણ લાયન્સ કલબ ડિસ્ટ્રીકટ ૩૨૩૨બીરના પ્રથમ વાઈસ ગર્વનર રસિકભાઈ પટેલના વરદ હસ્તે કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે રિજીયન ચેરપર્સન મમતાબેન રાવલ, ઝોન ચેરપર્સન સંજયભાઈ પટેલ તથા સોનીપુર ગામના આગેવાનોની વિશેષ ઉપસ્થિતિ રહી હતી. સંસ્થાના પ્રમુખ વૈશાલી જોષી, સેક્રેટરી અર્ચના દવે, ઈલાબેન જોષી તથા સમગ્ર સભ્યોએ આ પ્રોજેકટને સફળ બનાવવા દરેક રીતે ઉમદા સહયોગ કર્યો હતો.

# કુમાર છાત્રાલયમાં આઝાદીની ચળવળના શૌર્યગીતોનું ગાન

ગાંધીનગર, તા.૪

ગુજરાત વિદ્યાપીઠના મહાદેવ દેસાઈ ગ્રામસેવા સંકુલ-સાદરાના કુમાર છાત્રાલયની સાંજની પ્રાર્થના સભામાં આઝાદીની ચળવળનાં શૌર્યગીતોનું ગાન અને તાલીમ આપી હતી. જેમાં પ્રખર ગાંધીવાંદી, ગાંધી વિચાર સમર્પિત એવા લોકસેવક રમેશચંદ્ર શર્માએ તાલીમ આપી હતી. આ પ્રાર્થના સભામાં ૧૯૦ છાત્ર નિવાસી ભાઈઓને દેશભકિત રાષ્ટ્રપ્રેમ જાગે અને રાષ્ટ્રીય સેવા કાર્યો કરવા માટેની હાકલ સંયોજક રમેશભાઈ પટેલે કરી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન અને આભારદર્શન ગૃહપતિ મોહનભાઈ પટેલે કર્યું હતું.



# નાગર પરિષદ દ્વારા નવમીએ જીવનસાથી પસંદગી સંમેલન

ગાંધીનગર, તા.૪

સમગ્ર ગુજરાત નાગર પરિષદ મહામંડળ દ્વારા ૯મી જાન્યુઆરીના રોજ જીવનસાથી પસંદગી સંમેલન યોજાશે. જેમાં જોડાવા નાગર યુવાનોને નાગર પરિષદની અપીલ છે. ગાંધીનગર સ્થિત તથા જિલ્લાના નાગર યુવક યુવતીઓ પસંદગી મેળામાં જોડાવા માંગતા જ્ઞાતિજનોએ વિના મૂલ્યે ફોર્મ મેળવી લેવા તથા ૩૧ ડિસેમ્બર સુધીમાં અમદાવાદના કાર્યાલયના સરનામે પ્રિતેશભાઈ પંડયા, પ્રિતેશ પ્રિન્ટીંગ પ્રેસ, એફએફ-૩, પૂનમ કોમ્પ્લેકસ, જગદીશ ફોટો સ્ટુડિયો સામે અમદાવાદ ૩૮૦૦૦૧ પર મોકલી આપવા વિનંતી કરી છે. વોટસઅપ નંબર ૯૬૮૭૨ ૮૧૪૨૮ પર વધુ વિગત માટે સંપર્ક કરવા જણાવાયું હતું. ગુજરાત નાગર પરિષદને આ વર્ષે ૨૫ વર્ષ થતા હોઈ તેની પણ ઉજવણી કરવાની હોઈ સપરિવારજનોએ આ પ્રસંગે સહભાગી થવા અપીલ કરી હતી તથા લગ્ન પસંદગી સંમેલનમાં જીવનસાથી પસંદગી સંમેલનમાં જોડાવા વિનંતી કરી હતી.

## ચિરવિદાય

● મુકિતધામ ●

- સ્વ. ઠાકોર, રૂખીબેન ગાંડાજી, ઉ.વ. ૭૦, બોરીજ
- સ્વ. ઠાકોર લીલાબેન દીનાજી, ઉ.વ. ૩૭, વડોદરા-ગાંધીનગર
- સ્વ. ગોહિલ હંસાબેન સવજીભાઈ, ઉ.વ. ૬૩, પેથાપુર
- સ્વ. પટેલ ગોરધનભાઈ શંકરદાસ, ઉ.વ. ૭૩, પેથાપુર

# આખરે ગુજરાત સાયન્સ સિટી ખાતે પેન્ગ્વિનનું આગમન

## રાજ્યના વિજ્ઞાન-ટેકનોલોજી મંત્રી જીતુભાઈ વાઘાણીએ કર્યુ લોકર્પણ

ગાંધીનગર, તા.૪

જેની આતુરતાપૂર્વક રાહ જોઈ રહ્યા હતા તે ક્ષણ આજે આવી ગઈ છે, ગુજરાત સાયન્સ સિટી ખાતે આખરે પેન્ગ્વિનનું આગમન આગમન થઈ ચુક્યું છે. ગુજરાત સરકારના શિક્ષણ, વિજ્ઞાન અને ટેકનૉલોજી વિભાગના મંત્રી જીતુભાઈ વાઘાણી દ્વારા એકવેટિક ગેલેરી ખાતે પેન્ગ્વિન કેબિનનું લોકાર્પણ કર્યુ હતું. અહીં એકવેટિક ગેલેરી ખાતે પાંચ પેંગ્વિન છે જે તમામ સ્વસ્થ અને તંદુરસ્ત છે. ગુજરાત સાયન્સ સિટી ખાતે વિશ્વભરની વિવિધ એકવેટિક, સેમી એકવેટિક છે અને હવે પેન્ગ્વિન પણ આ સાયન્સ સિટી પરિવારમાં સામેલ થઈ ગયા છે.

ગુજરાત સાયન્સ સિટી ઘણા એકવેટિક અને સેમી એકવેટિક જીવોનું સંવર્ધન કરે છે હવે તેમાં પેન્ગ્વિનનો પણ સામેલ થઈ ચૂક્યા છે. આ પ્રસંગે ગુજરાત સરકારના શિક્ષણ, નરેન્દ્ર મોદી દ્વારા ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું ત્યાર બાદ કોવિડ ગાઈડલાઈન સાથે આ વર્ષે તા.૧૬મી જુલાઈ એ ફરી શરૂ બહોળા પ્રમાણમાં ઉત્સાહીઓ અને સામાન્ય નાગરિકોએ અહીની મુલાકાત લીધી છે.' તેમણે ઉમેર્યું 'ગુજરાત સરકાર લુપ્ત થવાની ભીતિમાં છે અને તેમની સંખ્યા ઓછી થતી જાય છે ત્યારે અહીં એકવેટિક ગેલેરી ખાતે આફ્રિકન પેન્ગ્વિનનું મહત્વ





વિજ્ઞાન અને પ્રાદ્યોગિકી વિભાગના મંત્રી જીતુભાઈ વાઘાણીએ જણાવ્યુ કે, 'ગુજરાત સાયન્સ સિટી ૨.૦ પ્રધાનમંત્રી કરવામાં આવ્યું છે અને તે ફરી ખૂલ્યું ત્યારથી સ્વચ્છ, હરિયાળા અને વિજ્ઞાન-શિક્ષણ તથા અનુભવના આદર્શ સ્થળ તરીકે પર્યાવરણ અને તેની કુદરતી ઈકોસિસ્ટમને સુરક્ષિત રાખવા હમેશા કાર્યરત રહી છે. આફ્રિકન પેન્ગ્વિનની આ મહત્વની પ્રજાતિ એ છે કે ઉપયોગી શૈક્ષણિક અનુભવ અને કેવી રીતે માનવીય પ્રવૃતિઓ આવા પ્રાણીઓને લુપ્ત થવાની કગાર પર લાવી દે છે તે વિષે નાગરિકોમાં જાગૃતિ દ્વારા આ પ્રજાતિના સંવર્ધનના સુયોગ્ય પ્રયત્નો વધારી શકાય. અમે આ અહીંના અદભૂત જીવો વિષે જાણવાની તક આપીને ભાવિ પેઢીને સારી અને યોગ્ય પસંદગી દ્વારા સહુ જીવો સાથે જીવવા માટે પ્રેરિત કરવાનો ધ્યેય રાખીએ છીએ.'

ગુજરાત સાયન્સ સિટીની એકવેટિક્સ ગેલેરીમાં રાખવામાં આવેલા પેન્ગ્વિન આફ્રિકન સ્પેનિસ્કસ ડેમસર્સ પેન્ગ્વિન છે. પેન્ગ્વિનની આ પ્રજાતિ દક્ષિણ આફ્રિકાના દરિયા કિનારે વસે છે, પરંતુ સમગ્ર વિશ્વમાં યોગ્ય માનવ સંભાળ હેઠળ પણ જીવે અને સંવર્ધન કરે છે. ગુજરાત સાયન્સ સિટી દ્વારા પેન્ગ્વિન વિષે જાગૃતિ અને શિક્ષણ માટે વિવિધ કાર્યક્રમો અને આઉટરીચ પ્રવૃતિઓ દ્વારા હાથ ધરાશે.